# મોડાસાની ખાનગી શાળામાં સામુહિક ચોરી મામલે તપાસનો ધમધમાટ

## ઝોનલ પરીક્ષા અધિકારી જીગ્નેશભાઈ પટેલ (એચ.એસ.સી.)ના જણાવ્યા અનુસાર

ગાંધીનગર સમાચારમાં મોડાસાની ખાનગી શાળામાં સામુહિક ચોરીની ગેરરીતી આચરી હોવાનો અહેવાલ પ્રસિદ્ધ થતા જિલ્લા શિક્ષણાધિકારી એ.પી. ઝાલાએ આ અંગે તપાસનો આદેશ આપતા ખાનગી શાળામાં ફળવાયેલા કેન્દ્ર, કેન્દ્ર સંચાલક અને નીરીક્ષકોને રૂબરૂ મળી સામુહિક ગેરરીતી અંગે પ્રાથમિક તપાસ હાથ ધરી બ્લોક નં. ૧૭માં લગાવેલા સીસીટીવી કેમેરાનુ રેકોર્ડીંગ સંપૂર્ણ ત્રણ કલાકના જોયા પછી સામુહિક ગેરરીતી આચરવામાં આવી છે કે નહિ તે અંગે સંપૂર્ણ તપાસ કરી તપાસના કાગળ જિલ્લા શિક્ષણાધિકારીને સોંપવામાં આવશે. બ્લોક નં. ૧૭માં બેન્ચીસ બદલવાના આદેશ કરી દીધા છે.

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરની એક ખાનગી શાળામાં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ભૂગોળ વિષયની લેવાયેલી પરીક્ષામાં બ્લોક નં. ૧૭માં સામુહિક ચોરી કરાવવાની ઘટના બનતા એક પરીક્ષાર્થીએ આ અંગે સોશ્યલ મીડીયામાં જંગ છેડ્યો હતો અને આ ઘટના અંગે ગાંધીનગર સમાચારના પ્રતિનિધિનો સંપર્ક કરતા ખાનગી શાળામાં ધો. ૧૨ના ભૂગોળ વિષયમાં સામુહિક ચોરી અંગેનો એકમાત્ર અહેવાલ પ્રસિદ્ધ થતા ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગમાં ખળભળાટ મચી ગયો હતો. અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારીએ સામુહિક ગેરરીતી આચરનાર ખાનગી શાળાના કેન્દ્ર સંચાલક અને નીરીક્ષકોની તપાસનો આદેશ આપી તપાસનો ધમધમાટ શરૂ કરી કેન્દ્ર સંચાલક અને નીરીક્ષકોના લેખીત જવાબો લેવામાં આવી રહ્યા છે. ખાનગી શાળાના કેન્દ્રમાં ચોરીની ઘટના અટકતા હોંશિયાર વિદ્યાર્થીઓમાં આનંદ છવાયો હતો.

મોડાસા શહેરની એક ખાનગી શાળામાં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ફળવાયેલા કેન્દ્રમાં શનિવારે તા. ૧૮-૩-૨૦૧૭ના રોજ ભૂગોળની પરીક્ષામાં પરીક્ષાર્થીઓ પરીક્ષા આપી રહ્યા હતા ત્યારે બહારથી આવેલા બે શખ્સોએ નીરીક્ષકોની ઉપસ્થિતિમાં સીસીટીવી કેમેરાની બાજનજરમાંથી બચી સામુહિક ચોરી કરાવવાની ઘટના બનતા કેટલાક પરીક્ષાર્થીઓએ સામુહિક ચોરી ઘટના અંગે સોશ્યલ મીડીયામાં જંગ છેડી દીધો હતો અને સામુહિક ચોરીના દૂષણને ડામવા આ અંગે ગાંધીનગર સમાચારમાં સામુહિક પરીક્ષામાં ચોરીની ઘટનાનો કિસ્સો બહાર આવતા શિક્ષણ જગતમાં ખળભળાટ મચી ગયો હતો. ગાંધીનગર સમાચારના અહેવાલના પગલે જિલ્લા શિક્ષણાધિકારી એ.પી. ઝાલાએ તપાસનો ધમધમાટ શરૂ કરી ખાનગી શાળામાં સામુહિક ચોરી અટકાવવા, સામુહિક ચોરી કરાવનાર નીરીક્ષકી અને અન્ય બે શખ્સો સહિત ખાનગી શાળાના કેન્દ્રની તપાસ ઝોનલ અધિકારી જીગ્નેશભાઈ પટેલને સોંપવામાં આવતા ઝોનલ અધિકારી દ્વારા કેન્દ્ર સંચાલક અને નીરીક્ષકો સહિત અન્ય અજાણ્યા બે શખ્સો અને વીડીયો રેકોર્ડીંગની તપાસ હાથ ધરી હતી.

## ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ ખાનગી શાળાના કેન્દ્ર સંચાલકના જણાવ્યા અનુસાર

ખાનગી શાળામાં ફળવાયેલા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના કેન્દ્ર સંચાલક વિનુભાઈ પટેલ (આચાર્ય, દધાલિયા હાઈસ્કૂલ)ના જણાવ્યા મુજબ પરીક્ષા દરમિયાન સતત મારી કેન્દ્રના તમામ બ્લોક પર વીઝીટ ચાલુ હોય છે. પરંતુ જો મારા કેન્દ્રમાં સામુહિક ચોરીની ઘટના ધોરણ-૧૨ના ભૂગોળના વિષયમાં બની હોય તો મારા ધ્યાન બહાર છે અને આ અંગે ઝોનલ અધિકારી દ્વારા જણાવવામાં આવતા તમામ નીરીક્ષકોના નીવેદન લેવામાં આવી રહ્યા છે. જે તે દિવસનું વિડિયો રેકોર્ડીંગ તપાસી યોગ્ય જવાબ આપી શકીશ પરંતુ હાલ પુરતા શનિવારે ધોરણ-૧૨ની પરીક્ષામાં નિરિક્ષક તરીકે ફરજ બજાવતા શિક્ષકોને ફરજ મોકુફ કરવાની કાર્યવાહી ચાલુ છે.

# છેલ્લા ૮ માસથી પગાર વંચિત કુટિર ઉદ્યોગ તાલીમ કેન્દ્રોના કર્મચારીઓની ગાંધીનગરમાં રજુઆત

### આમ છતાં કોઈ નિકાલ નહિ આવે તો ૨૮મી માર્ચે દિલ્હીમાં ધામા નાખશે

મોડાસા તા.૨૦

કુટિર ઉદ્યોગ તાલીમ કેન્દ્રો આઈટીઆઈમાં કરાર આધારિત સેવા આપતા કર્મચારીઓને છેલ્લા ૮ માસથી પગાર નહિ મળતા ન છૂટકે આજ રોજ ગાંધીનગર જઈને કુટિર રાજ્ય મંત્રીને મળી પોતાની આપવીતીની રજુઆત કરી હતું. જેમાં અરવલ્લીના શામળાજી સહિત રાજ્યના ૧૪ થી વધુ સ્થાનોથી આવેલા કર્મચારીઓ જોડાયા હતા.

તા.૧.૮.૧૬થી આજ સુધીના ૮ માસથી આ કર્મચારીઓને માસિક મળવાપાત્ર પગારની પણ ચુકવણી થઈ નથી. પીએફ અંગે પણ ગેસ્ટ લેક્ચરર એવા આ કર્મચારીઓને કોઈ જ માહિતી આપવામાં આવતી નથી. આમ આ કર્મચારીઓના આ પ્રશ્નોને લઈ અરવલ્લી-શામળાજી ઉપરાંત ગાંધીનગર, વડોદરા, ઉમરગામ, નવસારી, અમદાવાદ, વ્યારા(તાપી), ઉકાઈ(તાપી), છોટાઉદેપુર, નડિયાદ, અમદાવાદ (મણિનગર), મહેમદાબાદ, મહેસાણા અને વાપીથી આવેલા કર્મચારીઓ જોડાયા હતા અને રાજયના કુટિર મંત્રી જયેશ રાદડિયાને મળીને પોતાના પગાર,.પીએફ. સહિતના પ્રશ્નો અંગે સાગમટે રજુઆત કરી હતી.



આ પ્રશ્ને નિરાકરણ નહિ આવે તો તા.૨૮ મી માર્ચે દિલ્હીમાં સમગ્ર ગુજરાતના કરાર આધારિત વિવિધ વિભાગના કર્મચારીઓ ધામા નાખશે તેમ જણાવ્યું હતું.



## મોડાસા રત્નદીપ શાખા સરસ્વતિ બાલમંદીરના આચાર્ય ભારતીબેન ભાવસારનો વિદાય સમારોહ યોજાયો

મોડાસા-સરસ્વતિ બાલમંદિર મંડળ સંચાલિત વી.એસ. શાહ પ્રાથમિક શાળાનો વાર્ષિકોત્સવ ટાઉનહોલ ખાતે નાયબ કલેકટર આઈ.એચ. આહીરના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો. આ પ્રસંગે મોડાસા નગરપાલિકા પ્રમુખના હસ્તે રત્નદીપ શાળાના આચાર્ય વયનિવૃત્તિના કારણે વિદાય થતા ભાવસાર ભારતીબેનને શાલ ઓઢાડી મોમેન્ટો આપી વિદાય આપવામાં આવેલ હતી. આ પ્રસંગે અવનવા સાંસ્કૃતિક કાર્યક્રમો નાના ભુલકાઓ દ્વારા યોજાયા હતા. આચાર્ય અમૃતભાઈ દેસાઈએ તથા મંત્રી અલ્પેશભાઈ ગાંધીએ આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# સાંઈ ટાઉનશીપ વિસ્તારમાં પીવાના પાણીનો ભારે કકળાટ

ભિલોડા,તા.૨૦

ભિલોડા પાસેના ધોલવાણી ત્રણ રસ્તા નજીક ભુતાવડ માર્ગ ઉપર આવેલ સાંઈ ટાઉનશીપ વિસ્તારમાં ઉનાળા પ્રારંભે જ પીવાના પાણીનો ભારે કકળાટ સર્જાતાં મહિલાઓ ત્રાહિમામ પોકારી ઉઠી છે. સાંઈ ટાઉનશીપના બિલ્ડરોની આડોડાઈના કારણે રહેવાસીઓને પીવાના પાણી માટે વલખા મારવા પડે છે.

સાંઈ ટાઉનશીપ વિસ્તારના રહીશોના જણાવ્યા મુજબ બિલ્ડરએ દરેક મકાન દીઠ મેન્ટેનસ પેટે રૂા.૧૦,૦૦૦/- ઉઘરાવે છે પરંતુ પ્રાથમીક જરૂરીયાતો પુરી પાડી શકતા નથી. ઉનાળાના પ્રારંભે જ પીવાના પાણી ગંભીર સમસ્યા સર્જાતાં પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સાંઈ ટાઉનશીપ વિસ્તારના જટીલ પ્રાણ પ્રશ્નોનો સત્વરે ઉકેલ નહી આવે તો આંદોલનની ચીમકી રહેવાસીઓએ ઉચ્ચારી હતી.

# કાંકરેજ તાલુકાના શિરવાડા સરપંચપદના ઉમેદવાર ૨૧ ગાડીઓના કાફલા સાથે ફોર્મ ભરવા આવ્યા

### કાંકરેજ તાલુકાની સામાન્ય ચૂંટણીમાં ૨૦-૩-૨૦૧૭ સુધી ૫ સરપંચ અને ૨ વોર્ડ સભ્યોના ફોર્મ ભરાયા : શિરવાડા ગ્રા.પં.ની ચૂંટણીનો જંગ જામશે

કાંકરેજ તાલુકાની ૨૬ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે સમગ્ર કાંકરેજમાં નહિ પણ ગુજરાત લેવલે નામના ધરાવનાર શિરવાડા ગ્રા.પં.ની ચૂંટણીનો કરાખરીનો જંગ જામશે. જો કે તા. ૨૦-૩-૨૦૧૭ના રોજ બપોરે શિરવાડાના ઉમેદવાર જોષી લીલાબેન રૂપરામભાઈ પોતાના ટેકેદારો સાથે ૨૧ ગાડીના કાફલો લઈને કાંકરેજ તાલુકા પંચાયતમાં આવી પહોંચ્યા હતા અને. અને ચૂંટણી અધિકારી કે.એન. પટેલ તથા મદદનિશ ચૂંટણી અધિકારી હસુભાઈ ઠક્કરને પોતાનું ઉમેદવારી પત્ર રજુ કર્યુ હતુ.



આ પ્રસંગે તાલુકા પંચાયત સદસ્ય કાંકરેજના પ્રહલાદભાઈ જોષી, રામેશ્વરભાઈ (પૂ. સરપંચ), ડાહ્યાભાઈ (પૂર્વ સરપંચ), મણીલાલભાઈ જોષી (પૂ. સરપંચ), કેશાભાઈ (ડે. સરપંચ) સહિત ભેમુભાઈ, રતાભાઈ, ભુરાભાઈ, ચેહરાભાઈ, હેમુભાઈ, પરસોત્તમભાઈ, રમેશભાઈ તેમજ બહોળી સંખ્યામાં ૨૦૦ જેટલા તમામ સમાજના લોકો ટેકેદારો તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને તા.પં. કાંકરેજમાં ફોર્મ ભરી વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આમ કાંકરેજની ૧૩ વિભાજીત ગ્રામ પંચાયતો અને ૧૩ રેગ્યુલર પંચાયતો થઈ કુલ ૨૬ ગ્રા.પં.ની સામાન્ય ચૂંટણીમાં ૫ સરપંચ અને ૨ સભ્યોના ઉમેદવારી પત્રો ભરાયા છે. હદગામ-૨ સરપંચ અને ૨ વોર્ડ સભ્યો, શિરવાડા-૨ સરપંચ, રૂવેલ-૧ સરપંચના ઉમેદવારી પત્રો રજુ થતા ચૂંટણીના બ્યુગલ ફુંકાઈ ગયા છે. અને ખાટલા મીટીંગોનો દોર શરૂ થઈ ચૂક્યો છે. જો કે ૨૬ ગ્રા.પં.માંથી સમરસ ગ્રા.પં. માટે રાજકિય નેતાઓ પણ કામે લાગી જઈ જસ ખાટવાના પ્રયાસો કરી રહ્યા છે. જેમાં સમગ્ર કાંકરેજ તાલુકાની એક માત્ર ગ્રામ પંચાયતનો ખરેખરીનો જંગ શિરવાડામાં જામશે. તેમાં કોઈ બેમત નથી. જો કે ખુબ ધીમી રીતે ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થતા અનેક અટકળોના દોર ઉપર સામાન્ય ગ્રા.પં.ની ચૂંટણીનો કેવો રંગ આવશે તે આવનાર સમય બતાવશે.

# કડી ખાતે મણિબેન મહિલા આર્ટસ કોલેજમાં અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા સેમિનારનું આયોજન

કડી, તા. ૨૦

આજે ઉચ્ચશિક્ષણક્ષેત્રે સંશોધન પ્રવૃત્તિને મહત્વ આપવામાં આવી રહ્યુ છે. જે અનુસંધાને વિદ્યાર્થીઓમાં સંશોધન અંગે જાગૃતતા કેળવાય અને સંશોધન પ્રવૃત્તિને વેગ મળે તેવા ઉદ્દેશથી એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટસ કોલેજ, કડીના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા 'અંદાજપત્ર-૨૦૧૬-૧૭'-એક આર્થિક વિશ્લેષણ તેમજ 'નાણાનું વિમુદ્રીકરણ અને તેની આર્થિક અસરો' વિષયો પર તા. ૧૫ માર્ચ, ૨૦૧૭ના રોજ એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અર્થશાસ્ત્ર વિષયની ૯૧ વિદ્યાર્થીની બહેનોએ રિસર્ચ પેપર પ્રેઝન્ટેશન કર્યુ હતુ. વિષય નિષ્ણાંત તરીકે આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજ, પિલવાઈના અર્થશાસ્ત્ર વિષયના એસોસિયેટ પ્રોફેસર કાર્તિકેયભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ આ બંને વિષયો પર વિદ્વતાપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યુ હતુ. અર્થશાસ્ત્ર વિભાગના વડા તેમજ મહિલા કોલેજના આચાર્યા પ્રિ. ડૉ. હિનાબેન પટેલ, ડૉ. સંગીતાબેન આચાર્ય તેમજ પ્રા.જી.આઈ. મારૂએ પણ આ વિષયો પર પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. સંગીતાબેન આચાર્યએ કર્યુ હતુ. સમગ્ર સેમિનાર પ્રિ.ડૉ. હિનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયો.

# મોડાસામાં રાષ્ટ્રીય ભોઈ સમાજ ક્રાંતિદળ ગુજરાત પ્રદેશનું પ્રથમ અધિવેશન

### રાષ્ટ્રમાં 3 કરોડ વસતી ધરાવતો ભોઈ સમાજ નરેન્દ્ર મોદી, ભાજપના સમર્થનમાં

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં રવિવારે ગુજરાત પ્રદેશના રાષ્ટ્રીય ભોઈ સમાજ ક્રાંતિદળનું અધિવેશન યોજાયું હતું. જેમાં ગુજરાત રાજ્યના, ઉત્તર ગુજરાત અને અરવલ્લી જિલ્લાના ભોઈ સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય યુવા અધ્યક્ષ નરેશ ઓખંડે રાજકીય નિવેદન આપી ભારપૂર્વક જણાવ્યુ હતુ કે સમગ્ર દેશના ૩ કરોડ ભોઈ સમાજના લોકો આવનારી આગામી ગુજરાત રાજ્યની અને કેન્દ્રની યોજાનાર ચૂંટણીઓમાં ભાજપને સમર્થન આપશે.

મોડાસા શહેરના વલ્લભ સેવાસદન ખાતે રાષ્ટ્રીય ભોઈ સમાજ ક્રાંતિદળના અધ્યક્ષ ભાવ સાહેબ બાવનની ઉપસ્થિતિમાં યોજાયેલ સંમેલનમાં સમાજના ઉત્થાન માટે તેમજ અન્ય સામાજીક-શૈક્ષણિક સહિતના મુદ્દાઓ અને સમાજના યુવાનોના શિક્ષણ જેવા મુદ્દાઓ પર ભોઈ સમાજના અગ્રણીઓ દ્વારા ચર્ચા કરવામાં આવી હતી.



સાથે સાથે આવનારી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓમાં ભોઈ સમાજને સ્થાન મળે તે માટે આવનારા સમયમાં દિલ્હી રામલીલા મેદાનમાં રાષ્ટ્રીય અધિવેશન યોજી માંગણી કરવામાં આવશે. રાષ્ટ્રીય ભોઈ સમાજના પદાધિકારીઓ અને સામાજીક અગ્રણીઓએ ભાજપને ખુલ્લુ સમર્થનનો દાવો કરતા અરવલ્લી જિલ્લા ભાજપામાં આનંદ છવાયો હતો. ગુજરાત પ્રદેશ સમાજના પ્રથમ રાષ્ટ્રીય ક્રાંતિદળના અધિવેશનમાં અરવલ્લી જિલ્લા અધ્યક્ષ જયેશ એ. ભોઈ, ઉત્તર ગુજરાત પ્રભારી નવીનભાઈ પી. ભોઈ અને ઉત્તર ગુજરાત યુવા પ્રભારી રીતેષ એચ. ભોઈ દ્વારા ભારે જહેમત ઉઠાવી ભોઈ સમાજના અધિવેશનને સફળ બનાવ્યુ હતુ.

# ટોરડા પ્રાથમિક શાળામાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા


ભિલોડા,તા.૨૦

ભિલોડા તાલુકામાં દિન-પ્રતિ-દિન ચોરીનો ઉપદ્રવ વધતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. પોલીસ ધ્વારા નાઈટ પેટ્રોલીંગ વધારવાની તાતી જરૂરીયાત છે. પોલીસની વર્ષોથી અસહ્ય ઘટ હોવાના કારણે તસ્કરોને જાણે કે ચોરીઓ કરવા માટે મોકળુ મેદાન મળી ગયું હોય તેમ લોકમુખે ચર્ચાય છે. રેસીડેન્ટ વિસ્તારોમાં ચોરીઓ, બાઈકોની ચોરીઓ, ચેઈન સ્નેચીંગના બનાવો સહિત ઠેર-ઠેર નાની-મોટી ચોરીઓના બનાવો અવાર-નવાર બનતા હોય છે. તસ્કર ટોળકી સક્રીય હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

ટોરડા પ્રાથમીક શાળામાં મધ્યરાત્રે અજાણ્યા તસ્કરો ત્રાટક્યા ત્યારે પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. પોલીસએ ડોગ સ્કવોર્ડ, એફ.એસ.એલ. વિભાગની મદદ ધ્વારા ચોરીનો ભેદ ઉકેલવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.સુરેશભાઈના જણાવ્યા મુજબ ટોરડા ગામની ટોરડા પ્રાથમીક શાળામાં મધ્યરાત્રે અજાણ્યા ત્રાટક્યા હતા. અજાણ્યા તસ્કરોએ કોમ્પ્યુટર લેબનું તાળુ તોડી કોમ્પ્યુટર લેબની અંદર પ્રવેશ કરી એચ.સી.એલ. કંપનીના મોનીટર નંગ-૬ કિંમત રૂા.૧૨,૦૦૦/-, એલ.જી.કંપનીનું ૪૨ ઈંચનું એલ.ઈ.ડી.નંગ-૧ કિંમત રૂા.૧૦,૦૦૦/- કુલ મુદ્દામાલની કિંમત રૂા.૨૨,૦૦૦/-ની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં ટોરડા પંથકમાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ટોરડા પ્રાથમીક શાળા રાજેશભાઈ જયંતીભાઈ પટેલએ પોલીસ સ્ટેશનમાં ચોરીના બનાવ સંદર્ભે ફરીયાદ નોંધાવતાં પોલીસએ અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# મેઘરજના વાવકંપા ખાતે ખેડૂત અધિકાર, બીજ ઉત્પાદન પ્રક્રિયા તેમજ ઓર્ગેનીક ખેતીનો વર્કશોપ યોજાયો






મેઘરજ, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના નવા વાવકંપા ખાતે જશુભાઈ પટેલના કમ્પાઉન્ડમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખેડબ્રહ્મા-સરદાર કૃષિનગર દાંતીવાડા યુનિવર્સિટી દ્વારા બીજ સંરક્ષણ અને ખેડૂત અધિકાર-બીજ ઉત્પાદન પ્રક્રિયા તેમજ ઓર્ગેનીક ખેતી વિષેનો તાલીમ શિબિર મહુડીના નિવૃત્ત નાયબ નિયામક એસ.કે. વરસાતના અધ્યક્ષપદે યોજાઈ ગયો.

આ પ્રસંગે વાવકંપા અને આજુબાજુના ઉત્સાહી ખેડૂત ભાઈઓ, બહેનો ૨૦૦ની સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. આ પ્રસંગે ચીલાચાલુ બિયારણા-વાવવાની પદ્ધતિ-દવા વગેરે બદલીને નવી પદ્ધતિ મુજબ વિવિધ જાતના બિયારણો વાવીને વધુ ઉત્પાદન લેવા તથા જૈવિક પદ્ધતિ, પશુપાલન વિષે ડૉ. જે.આર. પટેલ ખેડબ્રહ્મા, ડૉ. જે.એ. પટેલ તલોદ, ડૉ. વી.વી. પટેલ ખેડબ્રહ્મા, જગદીશભાઈ પટેલ જિલ્લા ખેતીવાડી અધિકારી મોડાસા, વિસ્તરણ અધિકારી રજનીભાઈ મહુડીના બદાભાઈ, કિસાનસંઘના પ્રેમજીભાઈ વગેરે તજજ્ઞ ખેડૂતોની હાજરીમાં જુદા જુદા પાક વાવવાની પદ્ધતિ, કીટક દવાઓ, તાડની વાડથી રક્ષણ, લોન-ખેડૂત વિમા પોલીસી, જૈવિક દવાઓ, એફઆઈઆર વાવણીમાં અંતર, સબસીડી પાઈપલાઈન, ટપક સીંચાઈ વિષે પ્રશ્નોત્તરીથી જાણકારી મેળવી હતી. આભારવિધિ જશુભાઈ ડી. પટેલે કરી આભાર માન્યો હતો.

# કુંપટના મેળામાં લોધા સમાજ દ્વારા શીતળા સાતમની આગવી ઉજવણી કરાઈ

શિતળા શાતમ નિમિત્તે આજે ડીસા નજીક લોકમાતા બનાસના તીરે કુપટ ગામે યોજાયેલ લોક મેળા સાથે આગવી સંસ્કૃતિ અને રીત-રીવાજ જોડાયેલા છે. ડીસા પંથકની વિવિધ જાતિઓમાં આ મેળો એક અનેરો ઉત્સવ બની રહે છે. ત્યારે ડીસા શહેરમાં વસતા લોધા સમાજના લોકો માટે કુંપટનો મેળો એક સામાજીક સંમેલનની સાથે મનોરંજનનું માધ્યમ બની રહે છે.

એક સમયે જયારે બનાસ નદીના નીર ખળખળ વહેતા હતા ત્યારે સામે પારના ગામોના લોકો બળદગાડા, ઊંટગાડી, ઘોડાઓ મારફતે તેમજ પગપાળા મેળામાં આવતા હતા. લોકો નદીમાં નહાવાની મજા માણતા હતા. ડીસામાં વસતા લોધા સમાજના લોકો આજેપણ કુંપટના મેળામાં ગાડા મારફતે જ જાય છે. શીતળા સાતમ પહેલા લોધા પરીવારો વિવિધ પ્રકારની વાનગીઓ બનાવી લે છે. મેળાના દિવસે કુંપટના મેળામાં નદીના પટમાં આખો સમાજ ભેગો થાય છે. જયાં સમુહમાં નાસ્તો ભોજન કરવામાં આવે છે. આ દિવસે માત્ર ડીસાના જ નહીં ગુજરાત અને અન્ય રાજયોમાં વસતા લોધા સમાજના લોકો પણ મેળામાં આવે છે. મહેમાનગતિ માણે છે આખો સમાજ અહીં ભેગો થાય છે. ત્યારે સામાજીક



મતભેદો, વિખવાદો, રીસામણા, અંગત વેરઝેરનુ લોધા સમાજના આગેવાનો સમાધાન કરે છે. જે કોઈ વ્યકિતને પ્રશ્ન હોય તે અહીં ભરાતી સમાજની પંચાયતમાં રજુ કરે છે અને આગેવાનો બંને પક્ષોની સાંભળી બંનેના હીતમાં ચુકાદો આપે તે માન્ય રાખવો પડે છે. વળી, અહીં સમાજના અબાલ વૃધ્ધ સૌ ભેગા થતા હોવાથી યુવક-યુવતીઓના સગપણ પણ ગોઠવાય છે. લોધા સમાજની એક એવી પરંપરા છે કે લગ્નના લાંબા સમય બાદ સંતાન થયુ હોય કે માનતા માની હોય ત્યારે બાળકને શીતળા માતાના દર્શન કરાવ્યા બાદ માતા સમાજના લોકો પાસે ખોળો વાળી માગે છે. લોકો ખોળામાં વાનગીઓ મુકે છે તે પ્રસાદ રૂપે આરોગવામાં આવે છે.